# નમૂનો – ૧

**અગ્રતાક્રમ :** ૧૬

## અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૩૪૮**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ :-૦૬/૦૨/૨૦૨૪

## ૧૫મી ગુજરાત વિધાનસભાનું ચોથુ સત્ર

પ્રશ્નનું શિર્ષક : વલસાડ જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કાર્યવાહી.

પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રી :- શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ

ધારાસભ્યશ્રીનો મત વિસ્તાર :- ધરમપુર

અગ્રતાક્રમ નંબર – ૧૬

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૩૪૮

16

## વલસાડ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કાર્યવાહી

*15/4/348 : શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ (ધરમપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસુલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસુલ કરવા બાબતે કુલ ૨૯ વ્યાપારી એકમો સામે પેકેજ્ડ કોમોડીટીઝ નિયમો-૨૦૧૧ ના નિયમ ૧૮(૨) અંતર્ગત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સદર વ્યાપારી એકમો સામે પેકેજ્ડ કોમોડીટીઝ નિયમો-૨૦૧૧ ના નિયમ ૩૨(૩) અંતર્ગત રૂપિયા ૫૮,૦૦૦/- (રૂપિયા અઠ્ઠાવન હજાર પૂરા) માંડવાળ ફી પેટે વસુલ કરેલ છે. |

**જવાબ છાપ્યા મુજબ**

કાનુનીમાપ વિજ્ઞાન અધિનિયમ – ૨૦૦૯

↓

પેકેજ્ડ કૉમોડીટીઝ નિયમો-૨૦૧૧

↓

નિયમ ૧૮(૨)-

છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેવાથી ગુન્હો બને છે

↓

નિયમ ૩૨(૩)-

ઉપરોક્ત નિયમ હેઠળ ગુન્હા માંડવાળ ફી વસુલવાની જોગવાઇ છે.

**<u>કાનુની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા કાનુનીમાપ વિજ્ઞાન અધિનિયમ-૨૦૦૯ના અમલીકરણ અંગેની કામગીરી અંગેની ટૂંકમાં વિગતો.</u>**

- ઉપરોક્ત અધિનિયમ હેઠળ ગ્રાહકને ચૂકવેલ કિંમતના પ્રમાણમાં પૂરતો જથ્થો મળી રહે તે માટે અલગ અલગ કલમોમાં જોગવાઇ કરીને તેને છેતરાતો અટકાવવા માટે કાયદાના અમલીકરણની કામગીરી થાય છે.

- દરેક વ્યાપારી દ્વારા ઉપયોગમાં લેવાતા વજન-માપ, તોલવાના અને માપવાના સાધનો સમયાંતરે ચકાસણી થઇને તે માટેની સરકારી મુદ્રાંકન ફી વસુલવામાં આવે છે, જેથી ગ્રાહકને ખોટા વજન-માપના ઉપયોગથી છેતરવામાં આવે નહીં.

- દરેક વજનમાપ, તોલવાના, માપવાના સાધનોના ઉત્પાદન રીપેરીંગ તથા વેચાણ માટે પરવાનો (લાયસન્સ) લેવું ફરજીયાત છે. જેથી બજારમાં ગ્રાહક સુરક્ષાનો હેતુ જળવાઇ રહે.

**કાનુની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા પેકેજ્ડ કોમોડીટીઝ નિયમો-૨૦૧૧ના અમલીકરણ અંગેની કામગીરી અંગેની ટૂંકમાં વિગતો.**

- કોઇપણ પેકેજ સ્વરૂપમાં વેચાતી ચીજવસ્તુઓ ઉપરોક્ત નિયમો અન્વયેના નિર્દેશનો એટલેકે પેકરનું નામ, સરનામું, મહત્તમ વેચાણ કિંમત, પેક કરેલ માસ અને વર્ષ અને ચીજવસ્તુનું વજન/ જથ્થો તથા ફરીયાદ માટે કસ્ટમર કેર નંબર તથા ઇ-મેલ વગેરે બાબતો પેકેજ ઉપર દર્શાવવી ફરજીયાત છે.જેથી પેકેજ ચીજવસ્તુ લેનાર ગ્રાહકને પૂરતી જાણકારી મળી રહે.

- પેકર દ્વારા ઉત્પાદન સમયે પેકેજ પર દર્શાવેલા જથ્થાની ઓછી ભરતી થાય તો ગુન્હો બને છે, આમ ગ્રાહકને દર્શાવેલો જથ્થો પૂરેપૂરો આપવો ફરજીયાત છે.

- કોઇપણ પેકર અથવા હોલસેલર અથવા રીટેલર પેકેજ ઉપર ચાપેલી મહત્તમ વેચાણ કિંમતથી વધારે કિંમતે પેકેજ વેચાણ કરી શકશે નહીં તથા આ વેચાણ કિંમતમાં પણ છપાઇ ગયા પછી ફેરફાર કરી શકશે નહીં.

ઉપરોક્ત કાયદા અને નિયમોની અલગ અલગ જોગવાઇઓ/ નિયમોના ભંગ બદલ બનતા ગુન્હાઓ માટે રૂપિયા ૧૫૦/- થી લઇને રૂપિયા ૭,૫૦૦/- સુધીની ગુન્હા માંડવાળ ફી તંત્ર દ્વારા વસુલવામાં આવે છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૪/૩૪૮

માન.ધારાસભ્યશ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર)

વલસાડ જીલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા કાર્યવાહી.

પૂરક નોંધ અન્વયે પેટા પ્રશ્નો તથા તેના ઉત્તર.

**પેટા પ્રશ્ન-૧** કોઇપણ વ્યાપારી પેકેટ ઉપર દર્શાવેલ MRP (મહત્તમ વેચાણ કિંમત) કરતાં વધુ ભાવ લે તો તેની સામે કયા કાયદા હેઠળ કાર્યવાહી કરી શકાય?

## જવાબ

- કોઇપણ વ્યાપારી પેકેટ ઉપર દર્શાવેલ MRP (મહત્તમ વેચાણ કિંમત) કરતાં વધુ ભાવ લે તો તેની સામે કાનુનીમાપ વિજ્ઞાન અધિનિયમ-૨૦૦૯ હેઠળ બનાવેલા પેકેજ્ડ કૉમોડીટીઝ નિયમો-૨૦૧૧ પ્રમાણે કાર્યવાહી થઇ શકે છે.

---

## સત્તા

- તાલુકા કક્ષાએ ફરજ બજાવતા જુનીયર નિરીક્ષક કાનુનીમાપ વિજ્ઞાન આવા વ્યાપારી એકમો સામે ગુન્હો નોધાવાની સત્તા ધરાવે છે અને
- મદદનીશ નિયંત્રક્શ્રી કાનુનીમાપ વિજ્ઞાન ગુન્હા જીલ્લા કક્ષાએ માંડવાળ ફી વસુલવાની સત્તા ધરાવે છે.

**<u>પેટા પ્રશ્ન-૨</u>** વધુ ભાવ લઇને ગ્રાહકને છેતરવા બદલ શું કાર્યવાહી કરવામાં આવે છે?

## <u>જવાબ</u>

- કોઇપણ પેકેટ ઉપર લખવામાં આવેલ **MRP** (મહત્તમ વેચાણ કિંમત) કરતાં વધુ ભાવ લેવાતો માલુમ પડે તો પેકેજ્ડ કૉમોડીટીઝ નિયમો-૨૦૧૧ ના નિયમ ૧૮(૨) મુજબ આવા વ્યાપારી એકમો સામે ગુન્હો નોંધીને .પેકેજ્ડ કૉમોડીટીઝ નિયમો-૨૦૧૧ ના નિયમ ૩૨(3) મુજબ ગુના માંડવાળ ફી વસુલવામાં આવે છે.

---

## <u>સત્તા</u>

- તાલુકા કક્ષાએ ફરજ બજાવતા જુનીયર નિરીક્ષક કાનુનીમાપ વિજ્ઞાન આવા વ્યાપારી એકમો સામે ગુન્હો નોધાવાની સત્તા ધરાવે છે અને
- મદદનીશ નિયંત્રક્શ્રી કાનુનીમાપ વિજ્ઞાન ગુન્હા જીલ્લા કક્ષાએ માંડવાળ ફી વસુલવાની સત્તા ધરાવે છે.

**પેટા પ્રશ્ન-3** પેકેટ ઉપર છાપેલી મહતમ વેચાણ કિંમત **(MRP)** કરતા વધું ભાવ લેવાના ગુન્હા બદલ વ્યાપારી સામે શું પગલા લેવાની જોગવાઇ છે.

## જવાબ

પેકેટ ઉપર છાપેલી મહતમ વેચાણ કિંમત **(MRP)** કરતા વધુ ભાવ લેવાના ગુન્હા બદલ વ્યાપારી સામે નિયમ ૩૨(૩) મુજબ પેકેટના ઉત્પાદક/આયાતકાર માટે રૂપિયા ૫,૦૦૦/- તથા હોલસેલર/ રીટેલર માટે રૂપિયા ૨,૦૦૦/- વસુલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

........................................................................................................................................

## સત્તા

- તાલુકા કક્ષાએ ફરજ બજાવતા જુનીયર નિરીક્ષક કાનુનીમાપ વિજ્ઞાન આવા વ્યાપારી એકમો સામે ગુન્હો નોધાવાની સત્તા ધરાવે છે અને
- મદદનીશ નિયંત્રકશ્રી કાનુનીમાપ વિજ્ઞાન ગુન્હા જીલ્લા કક્ષાએ માંડવાળ ફી વસુલવાની સત્તા ધરાવે છે.

# પુરક માહિતી

- **સમગ્ર રાજ્યમાં** તોલમાપ ખાતા દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતાં વધારે કિંમત વસૂલ કરવા અંગે કુલ ૩૯૦ (ત્રણસો નેવુ) વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.
- **સમગ્ર રાજ્યમાં** ઉક્ત બાબતે કસુરવાર ઠરેલ વ્યાપારી એકમો સામે ધી પેકેજ્ડ કોમોડીટીઝ રૂલ્સના નિયમ ૧૮(૨) અંતર્ગત ગુન્હો નોંધી નિયમ ૩૨(૩) હેઠળ રૂપિયા ૮,૯૯,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ નવ્વાણું હજાર) ગુન્હા માંડવાળ ફી પેટે વસુલ કરવામાં આવ્યા.